


## ન્યૂકમર્સ માટે સલાહ...

# અફેર્સથી ઓફર્સ ન મળે

‘પ્રેમ પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન ચિન્હે કોઈ...’ આ દોહો, આ શબ્દ કબીર કહીં ગયા હતા જે પ્રેમ કરનારા કે પરમાત્માને પામનારા છે તેમના માટે- પણ દુનિયાને જાણી ગયેલા કબીર બોલિવૂડમાં પ્રેમ કરનારાઓ માટે પ્રેમ કરતા PR શબ્દ વાપરતે. PR, PR સબ કોઈ કહે, પ્રેમ ન ચિન્હે કોઈ...

પહેલાનાં સમયમાં ફિલ્મ આવતાની સાથે તેના સ્ટાર્સનાં અફેર્સ અચાનક લોકો સામે આવતા, લોકોમાં ઘણી ચર્ચા રહેતી. તો આ તરફ એ સ્ટાર્સ પણ આગને હવા આપવામાં કંઈ બાકી નહોતા રાખતા, ભીડમાં ‘પેલી’નો હાથ પકડવો કે બંનેનું રેસ્ટોરન્ટમાં સાથે દેખાવું, કપડાં સરખા પહેરવા, એક જ જગ્યાએ એકબીજા પછી પસાર થવું, હા કે ના, ના કહેવું, આ બધી રીતો તેમને હેડલાઈનમાં સતત ચમકતા રાખતી પણ હવે આવેલા સ્ટાર્સને આજની ઑડિયન્સ આ બાબતે લાઈમલાઈટમાં નથી લાવી રહી. હવે આવેલી નવી ઑડિયન્સ આ PR વાળી પ્રેમની રમતને ખૂબ સારી રીતે જાણી ગઈ છે. હવે પહેલાની જેમ સ્કેપબૂકમાં ફિલ્મી પ્રેમીઓનાં ફોટોમાં આલ્બમ નથી બનાવાતા, નથી તેમના પ્રેમનાં કિસ્સાઓ પેજ-થ્રીની હેડલાઈનમાં આવતા, કે એવા પ્રેમને કારણે ઑડિયન્સ નવી નવી ફિલ્મોમાં એમનો રોમાન્સ જોવા જાય.. એટલે આ બધો ગેરફાયદો નવા આવી રહેલા Gen-Z સ્ટાર્સને થઈ રહ્યો છે.

> **હવે પહેલાની જેમ સ્કેપબૂકમાં ફિલ્મી પ્રેમીઓનાં ફોટોમાં આલ્બમ નથી બનાવાતા, નથી તેમનાં પ્રેમનાં કિસ્સાઓ પેજ-થ્રીની હેડલાઇનમાં આવતા, કે એવાં પ્રેમને કારણે ઑડિયન્સ નવી નવી ફિલ્મોમાં એમનો રોમાન્સ જોવાં જાય.. એટલે આ બધો ગેરફાયદો નવા આવી રહેલાં Gen-Z સ્ટાર્સને થઇ રહ્યો છે**

ટૉક ઓફ ધ ટાઉન ચાલી રહી છે કે નવી રેસમાં આવેલા સ્ટાર કિડનાં અફેર્સ તેમને ઓફરને નથી અપાવી રહ્યા. એ વાતનો સૌથી તાજો કિસ્સો છે સૈયારા ફેમ અનિત પદ્દા અને અહાન પાંડેનો. ફિલ્મની રિલીઝ વખતે ક્યારેય સાથે નહીં દેખાયેલા આ બંને કલાકારો હવે એકબીજા સાથે ઘણી જગ્યા એ જોવા મળી રહ્યા છે! મંદિરમાં સાથે પૂજા કરવા જવું હોય કે પાર્ટીમાં સાથે દેખાવાનું. ફિલ્મની કાસ્ટના બહાને બંને સતત સાથે દેખાઈ તો રહ્યા છે પણ ‘પબ્લીક સબ જાનતી હૈ.’ તેમને લાગે છે કે આ પ્રેમ નથી પણ PR સ્ટન્ટ જ છે. બંનેની જોડી હિટ થતા જોઈ હજી નવી ફિલ્મોમાં બંને સાથે દેખાય અને તેમને નવી ફિલ્મો મળે એ જ રિઝન હશે કે બંને વધારેમાં વધારે સાથે જોવાં મળી રહ્યા છે પણ તેમની વચ્ચે પ્રેમ છે તેનાં આટલા પૂરાવા પછી પણ તેવું સ્વીકારવા કોઈ તૈયાર નથી.

આ એક ઉદાહરણ નથી. આ પહેલા ઈબ્રાહિમ ખાન અને પલક તિવારી પણ સાથે જોવાં મળતાં હતાં. ઘણાં સમયથી બંને સાથે જ જોવાં મળતાં પણ જ્યારે ઈબ્રાહિમની ફિલ્મ ‘નાદાનિયા’ રિલીઝ થવાની હતી ત્યારે તેમનાં બ્રેકઅપનાં સમાચાર હેડલાઈનમાં ચમક્યા હતા. ખેર એ પછી તો બંને ફરી ‘સારા દોસ્ત’ બન્યા અને હવે ‘તું કૌન મેં કૌન? જોકે આમ કરવાથી પલક કે ઈબ્રાહિમ બંનેને કોઈ ફાયદો થયો નથી. બંને ફિલ્મ અમે પ્રેમની તલાશમાં છે. ઈબ્રાહિમ સાથે નાદાનિયામાં દેખાયેલી ખુશી કપૂર પણ એક્ટર વેદાંગ રૈનાને ડેટ કરે છે. આ વાત એકાએક વાયરલ થઈ તેમની ફિલ્મ રિલીઝનાં સમયે! આનાથી વેદાંગ કે ખુશીને ખાસ અટેંશન નથી જ મળ્યું અને આ લોકોની ભૂલમાંથી કંઈ શીખી નહીં હોય તેવું તારા સુતારિયાનાં કિસ્સામાં લાગી રહ્યું છે. સ્કાય ફોર્સથી ડેબ્યુ થયેલા વીર પહારિયા અને તારા બંને વચ્ચે સોશ્યલ મીડિયામાં જે ઓપન રિલેશન હતી, તેને હવે તેમણે પ્રેમ નામ આપી દીધું છે. બંને ફેશન શોમાં રેમ્પવૉક કરતા સાથે દેખાવાથી લઈ એક બીજાને સોશ્યલ મીડિયા પર પ્રમોટ કરતા વારંવાર જોવાં મળી રહ્યા છે અને બંનેએ રિલેશન કન્ફર્મ કર્યું તે સમયે બંનેની સાથે ફિલ્મ આવી રહી હોવાની વાત પણ કન્ફર્મ થઈ હતી પણ આનાથી તેમને હેડલાઈનમાં જગ્યા તો નથી જ મળી, ઠીક ઠીક ગોસિપ થઈ હતી અને હવે આ પ્રેમને વધારે આગળ લઈ જતા ફોટો પડાવી રહ્યાં છે. તેમાં લાઈક જરૂર મળશે પણ ફિલ્મ તો નહીં જ મળે..

ફિલ્મ રિલીઝ સમયે બ્રેકઅપ થવું કે નવો પ્રેમ થવો તે, જે જાદુ લાગતું તેનાં પરથી ઑડિયન્સે પડદો ઉઘાડી લીધો છે. ખાલી કામ કરીને જ તેમને સારી ફિલ્મો મળે તે સાદી વાત કલાકારો એ પણ સમજવી જોઈએ. આમ પ્રેમનો વ્હેમ કરી તેઓ સમાચારમાં ચમકે તો છે પણ હવે તે સમય નથી કે તેમના પ્રેમ પ્રકરણને જોવા લોકો થિયેટર સુધી જાય.

## ક્રિતીને ક્રાન્તિ લાવવી છે...



બોલિવૂડ સ્ટાર ક્રિતી સેનનએ ઈન્ડસ્ટ્રીમાં થતી અસમાનતા વિશે ખુલીને વાત કરી છે. એને UNFPA ઈન્ડિયાની જેન્ડર ઈક્વાલિટીની ઓનરરી એમ્બેસેડર બનાવવામાં આવી છે. એટલે હવે એ સમાનતા અને જેન્ડર સ્ટીરિયોટાઈપ્સ તોડવાની ઝુંબેશમાં આગળ રહેશે. એક ઈન્ટરવ્યૂમાં એણે પોતાના અનુભવો શેર કર્યા છે. ક્રિતિ કહે છે કે એનો ઉછેર એકદમ ઓપન માઈન્ડેડ ફેમિલીમાં થયો. એનાં મમ્મી-પપ્પા બંને વર્કિંગ હતાં અને ઘરની જવાબદારીઓ સરખે ભાગે નિભાવતા. એટલે તેને કે તેની બહેનને ક્યારેય એવું ન લાગ્યું કે તેઓ છોકરી છે એટલે ઓછું કરી શકે ક્રિતિને એની મમ્મીએ હંમેશાં કહ્યું, “જે ઈચ્છે તે કર, તારાં સપનાં પૂરા કર!” પણ બોલિવૂડમાં આવ્યાં પછી ક્રિતિને નાની-નાની અસમાનતાઓ જોવાં મળી. જેમ કે, મેલ એક્ટરને સારી ગાડી કે સારો રૂમ મળે પણ ફિમેલ એક્ટરને નહીં. એ કહે છે, “વાત ગાડીની નથી પણ એ ફિલિંગની છે કે હું છોકરી છું એટલે ઓછી નથી.” એટલું જ નહીં, કેટલીકવાર ADs પણ ફિમેલ એક્ટરને પહેલા બોલાવે અને મેલ એક્ટરની રાહ જુએ. ક્રિતીએ એમને સ્પષ્ટ કહ્યું કે આવું ન કરો. એનો મેસેજ સ્પષ્ટ છે- સમાનતા નાની-નાની બાબતોથી શરૂ થાય છે, ઘરથી લઈને કામની જગ્યા સુધી!



## મિસિસ બની નરગીસ

‘રોકસ્ટાર’ થી વન ટાઈમ વન્ડર બનેલી અને અચાનક ગાયબ થયેલી બોલિવૂડની નરગીસ ફકરીએ તેનાં પતિ ટોની બેગ સાથે પહેલીવાર જાહેરમાં એન્ટ્રી મારી છે! હા, એમનાં લગ્ન થઈ ગયાં છે, એ પણ એકદમ સિક્રેટલી! કોઈને ખબર નહોતી અને હવે આ બંને ફરાહ ખાન સાથે ફોટો પડાવતાં જોવાં મળ્યાં. નરગીસે તેનાં લોન્ગ ટાઈમ બોયફ્રેન્ડ જે 3 વર્ષથી એકબીજાને ડેટ કરતાં હતાં તેની સાથે કેલિફોર્નિયામાં સિક્રેટલી લગ્ન કરી લીધા છે. તેમણે લગ્નની વાતને એટલી સિક્રેટ રાખી કે કોઈને જાણ ન થઈ અને હવે ખુલ્લેઆમ સામે આવીને ચર્ચા જગાવી છે. આ ચર્ચા જગાવનાર છે ઈન્ડસ્ટ્રીની ગોસિપ ગર્લ ફરાહ ખાન. એક ઈવેન્ટમાં ફોટોશૂટ દરમિયાન ફરાહે ટોનીને મીડિયાની સામે કહ્યું હતું કે ‘અહીં આવ, તારી વાઈફ સાથે ફોટો પડાવ...’ બસ એ વાત ખૂબ વાયરલ છે. લગ્ન પછી નરગીસનો આ ફર્સ્ટ પબ્લિક અપીયર્ન્સ હતો જેમાં તે ખૂબ સુંદર દેખાતી હતી. આ પહેલા બંનેએ દુબઈમાં સાથે 2024 ન્યૂયર પણ ઉજવ્યું હતું, જ્યાં નરગીસનો એક્સ બોયફ્રેન્ડ ઉદય ચોપરા પણ હાજર હતો. વિદેશી નરગીસનો હસબન્ડ પણ U.S.નો આન્ત્રપ્રેન્યોર છે. નરગીસે ‘રોકસ્ટાર’થી તો બધાનાં દિલ જીત્યા હતાં હવે એની લવ સ્ટોરી પણ ચર્ચામાં છે. છેલ્લે સાજિદ નાડિયાદવાલાની ફિલ્મ ‘હાઉસફુલ 5’માં જોવાં મળી હતી. હવે જોવું એ છે કે આ નવી જોડી આગળ બીજા શું સિક્રેટલી સરપ્રાઈઝ આપે છે?

## કોન્ટ્રોવર્સીથી રાખે દૂરી મૃણાલની મજબૂરી



માયાનગર મુંબઈની માયાવી ઈન્ડસ્ટ્રીમાં ઘણી ઘટનાઓ બનતી રહે છે જેના વિશે ફિલ્મ સર્કલમાં ખૂબ ગોસિપ થાય છે અને અત્યારે આવી ગોસિપનું સેન્ટર મૃણાલ બની હોય તેમ લાગી રહ્યું છે. પહેલા તો મૃણાલ ચર્ચામાં હતી ધનુષ સાથે જોડાયેલા તેના નામને કારણે. હજી તે વાત જૂની થાય તે પહેલા તેનો જૂનો વિડીયો વાયરલ થઈ હતો જેમાં તે બિપાશાને બોડી શેમ કરી રહી હતી અને આવી પર્સનાલિટી મૃણાલની તેનાં ફેન્સ સામે પહેલી વાર આવી. જેના કારણે તે ફરી ટ્રોલ થવા લાગી હતી. આમ એક ડિવોર્સી એક્ટરને ડેટ કરવા અને બોડીશેમિંગ જેવી કોન્ટ્રોવર્સીમાં અચાનક જોડાવાથી મૃણાલ બેકફૂટ પર ચાલી રહી હોય તેવું લાગે છે. હવે અધૂરામાં પૂરું તેની એક બિગ બજેટ મલ્ટી સ્ટાર્રર ફિલ્મ aa22xa6 - જેમાં રોલ મળવાને કારણે મૃણાલ ખુશ હતી હવે તે આ ફિલ્મથી ખુશ નથી કારણ વિશે ગોસિપ થઈ રહી છે કે મૃણાલે મેકર્સ સાથે આ ફિલ્મમાં તેના રોલને લઈ ચર્ચા કરવા માંગતી હતી, સંભવત તેને આ રીલ નાનો હોય તેવું લાગ્યું હતું. પણ આમ બેકટૂબેક કોન્ટ્રોવર્સીમાં આવ્યા પછી તેને આ રોલ સાથે સમાધાન પણ કરી લીધું છે ઉપરથી મેકર્સ પાસે મોટો રોલ માંગવા સામે થવાનાં લીધે મેકર્સ ખફા પણ છે. આપણે જે ફિલ્મની વાત કરી તે aa22xa6 જેને સન પિક્ચર્સની ફિલ્મ, જેને એટલી ડિરેક્ટ કરશે અને અલ્લુ અર્જુન, દીપિકા, જાન્હવી, મૃણાલ ઠાકુર, અને રશ્મિકા, ફિલ્મની સ્ટારકાસ્ટમાં છે. તેમાં વિજય સેતુપતિનો કેમિયો પણ છે. હવે આટલા બધા મોટા સ્ટાર્સ હોય તેમાં મૃણાલનો રોલ નાનો જ હોવાનો પણ કોમ્પ્રોમાઈઝ કર્યા સિવાય કોઈ ઓપશન તેની પાસે બચ્યો નથી. બાકી સન ઓફ સરદાર તો ફ્લોપ થઈ ક્યારની ભૂલાઈ ગઈ છે.